રે. દી. મુ. નંબર ૧૧–૨૦૧૪.

આંક–૦૫ લગત હુકમ

---

૧. વાદીએ પ્રતિવાદીઓ સામે હાલનો દાવો લાવી આંક–૫ ની અરજીમાં જણાવ્યા મુજબની દાદ માગેલ છે. આ કામે આંક–૫ ની અરજીને લગત હુકમ કરવામાં આવેલ હોય આથી અરજીની હકીકતોનું પુરાવર્તન કરવામાં આવેલ નથી.

૧.૨ વાદીએ હાલની અરજી લાવી અરજ કરેલ છે કે,

(અ) દાવાવાળી જમીન ભદ્રાસા ગામ ની રેવન્યુ સર્વે નં. ૧૪૨/૧, ૧૪૨/૨ જેનો નવો બ્લોક નંબર ૧૭૧ વાળી જમીન માં વાદીનો હકક હિસ્સો આવેલ છે તેમ ઠરાવવા તેમજ પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓ કે તેમના માણસો, એસાઈનીઝ, અંતરાય કે હરકત તેમજ ટ્રાન્સફર કે વેચાણ કે કોઈપણ જાતનો બોજો કરે કરાવે નહી તેવો વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ ની વિરૂઘ્ધ માં કામચલાઉ મનાઈ હુકમ ફરમાવશોજી. તથા

(બ) આ અરજીનું તમામ ખર્ચ અપાવશો.

(ક) બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવશોજી.

૨. આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરતા તે અનુસંધાને પ્રતિવાદીઓને ધોરણસર આંક–૭ થી મનાઈ હુકમની અરજીની નોટીસ તથા આંક–૬ થી દાવાના સમન્સની ધોરણસર બજવણી થયેલ છે. બાદ પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે વિ.વ.શ્રી એચ.એ.પરમાર તથા પ્રતિવાદી નં. ૪ તરફે વિ.વ.શ્રી ડી.બી. રોહીત તથા હાજર થયેલ. બાદ પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે આંક–૨૧ થી દાવા તથા મનાઈ હુકમ ની અરજી નો જવાબ રજુ થયેલ. બાદ પ્રતિવાદી નં. ૪ (અ) તરફે આંક–૨૩ થી દાવા તથા મનાઈ હુકમની અરજી નો જવાબ રજુ થયેલ અને તે મુજબ તેઓની દલીલ છે. આ કામે વાદીએ પ્રતિવાદી નં. ૧ અને ૨ વિરૂઘ્ધ મનાઈ હુકમ ની માંગણી કરેલ હોય આ અરજી સાંભળવામાં આવેલ છે.

૩. આ કામે વાદીએ આંક–૩ થી માર્ક–૩/૧ થી માર્ક ૩/૮ સુધી દસ્તાવેજો નકલ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે આંક–૩૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી માર્ક ૩૩/૧ થી માર્ક ૩૩/૯ સુધીના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. વાદી તરફે આંક–૨૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધા.

૪. આ કામે વાદીના વિ.વકીલશ્રી પી.જી. શાહપટેલ તથા પ્રતિવાદી નં. ૧ અને ૩ તરફે વિ.વ. શ્રી. એચ.એ. પરમારને સાંભળ્યા. વાદી તથા પ્રતિવાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તવેજો ઘ્યાને લીધા તથા રેકર્ડ ઘ્યાને લીધું.

૫. પ્રસ્તુત કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદા</u>

૧. શું વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે ?

૨. શું સગવડતા સમતુલા વાદીના લાભમાં છે ?

૩. શું માંગ્યા મુજબ દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દા પરત્વેના તારણો નીચે મુજબ છે.

૧. અંશતઃ હકારમાં.

૨. અંશતઃ હકારમાં.

૩. અંશતઃ હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે.

" <u>દલિલ</u> "

૮ વાદી તરફે વિ.વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે, વાદી રાહેલબેનના પિતા હિરાભાઈ લાખાભાઈ છે. દાવાવાળી જમીન હીરાભાઈ લાખાભાઈ ના નામે ચાલતી હતી. જે તે સમયે વાદી સગીર તેમજ અણસમજ હતા. વાદીના સગીર અવસ્થામાં જ લગ્ન કરી દીધેલા અને વાદી તથા પ્રતિવાદી નં. ૪ અને ૫ ની માતા સગીર વયના હોય તક નો લાભ લઈ પ્રતિવાદી નં. ૧ – ૨ ના પિતા તેજાભાઈ રણછોડભાઈ એ તલાટી કમ મંત્રી શ્રી ભદ્રાસાના વર્ધી પાન નંબર ૩૦૦ ઉપર જવાબ આપેલો. જેથી ત.ક.મંત્રી શ્રી નાઓએ દાવાવાળી જમીન ના ખાતેદાર હિરાભાઈ લાખાભાઈ તા.૧૫–૦૯–૧૯૪૯ ના રોજ બિન ફરજણ ગુજરવાથી વારસદાર તરીકે હિરાભાઈ લાખાભાઈ ના ભત્રીજા તેજાભાઈ રણછોડભાઈ તથા સવાભાઈ રણછોડભાઈ ની ફેરફાર નોંધ નં. – ૧૫૫૩, તા. ૧૮–૦૧–૧૯૫૦ ના રોજ વારસાઈ થી નોંધેલી. હકીકત માં દાવાવાળી જમીન ના વાદી કાયદેસરના વારસદાર હોવા છતા પ્રતિવાદી નં. ૧ અને ૨ ના વડીલોએ ગેરકાયદેસરની ફેરફાર નોંધ મંજુર કરાવેલી. જે નોંધ શરૂઆત થી જ ગેરકાયદેસર છે. આ કામે માર્ક ૩/૨ થી ગામ નમુના નંબર ૭ અને ૧૨ માં હીરાભાઈ લાખાભાઈ નું નામ છે. જે ૧૯૩૧ – ૩૨ ની સાલ થી ચાલે છે. માર્ક ૩/૫થી હીરાભાઈ લાખાભાઈનું પેઢીનામુ રજુ થયેલ છે. આમ દાવાવાળી જમીન માં વાદી નો હકક છે. માર્ક ૩/૬ થી ગામ નમુના નંબર ૬ હકક પત્રક રજુ થયેલ છે. જે મુજબ ખાતેદાર હીરાભાઈ લાખાભાઈ તા.૧૫–૦૪–૧૯૪૯ ના રોજ બીન ફરજણે ગુજરવાથી વારસ તેના ભત્રીજા તેજાભાઈ રણછોડભાઈ અને સવાભાઈ રણછોડભાઈ વ.ખ. ૩૦૦ માં જવાબ આપવાથી નોંધ કરેલ છે. આમ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતાએ દાવાવાળી જમીન

પોતાના નામે કરી લીધેલ છે. વાદી જે ને સમયે સગીર હતા આથી વાદીને જયારે દાવાવાળી જમીન અંગે જાણ થતા વાદીએ પ્રતિવાદી નં. ૧ અને ર સામે ફેરફાર નોંધ નં. ૧૫૫૩ તેમજ ફેરફાર નોંધ નં. ૬૧ર સામે નાયબ કલેકટરશ્રી, નડીયાદ કોર્ટ માં આર.ટી.એસ. અપીલ નં. ૭૪/૦૭ થી વિલંબ માફ કરવાની અરજી સાથે અપીલ કરેલ. પરંતુ આ અપીલ તા.૧૫–૧૦–૧૩ ના રોજ નામંજુર કરેલી. આથી વાદીએ હાલનો દાવો કરેલ છે. આ કામે માર્ક ૩/૫ થી હીરાભાઈ નું પેઢીનામુ રજુ થયેલ છે. તે મુજબ વાદી હીરાભાઈના દિકરી છે. હિન્દુ લો પ્રમાણે વડીલો પાર્જીત મિલકત માં દિકરી નો હકક છે. વાદી હીરાભાઈ ના દિકરી નથી તેવો કોઈ પુરાવો પ્રતિવાદીએ રજુ કરેલ નથી. વાદીએ દાવાવાળી મિલકત માં વાદીનો હકક છે તે ઠરાવવા હાલનો દાવો કરેલ છે. પ્રતિવાદી નં. ૧ અને ર દાવાવાળી મિલકત ટ્રાન્સફર કરે નહી કે બોજો ઉભો કરે નહી તેવો મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. પ્રતિવાદી નં. ૩, ૪ અને ૫ સામે કોઈ દાદ માગેલ નથી. પ્રતિવાદીઓ આ મિલકત નું વેચાણ કરે તો વાદીને નુકશાન થાય તેમ છે. આમ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણ માં છે. ઈરરીપેરેબલ લોસ વાદી ને છે. વધુમાં વાદીઓ તરફે એવી દલીલ કરેલ છે કે આમ વાદીનો પ્રથમ દર્શનીય કેશ છે તથા બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીઓની તરફેણ માં છે અને જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણામાં ન સુધરી શકે તેવું નુકશાન થાય તેમ છે. આથી હાલની કામ ચલાઉ મનાઈ હુકમ ની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૯. આ કામે પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફે એવી દલીલ કરેલ છે કે વાદી હીરાભાઈ લાખાભાઈના વારસદાર દિકરી છે અને એકમાત્ર વારસદારે દાવો કરેલ છે અને પ્રતિવાદી નં. ૧ અને ર સામે મનાઈ હુકમ ની માંગણી કરેલ છે. દાવાવાળી જમીન ખેતીની જમીન ભદ્રાસા મુકામે હિરાભાઈ લાખાભાઈ ના નામે ચાલતી હતી. હિરાભાઈ લાખાભાઈ તા.૧૫–૦૯–૧૯૪૯ ના રોજ ગુજરી ગયા છે. ફેરફાર નોંધ નં. ૧૫૫૩ તા. ૧૮–૦૧–૧૯૫૦ ના રોજ કરેલ. દાવાવાળી મિલકત તેના ભત્રીજા તેજાભાઈ રણછોડભાઈ, સવાભાઈ રણછોડભાઈ ને વારસાઈ થી મળેલી. પ્રતિવાદી રાચીબેન તથા હીરીબેન વાદીના બહેનો છે. જે ફોર્મલ પક્ષકાર છે. વાદીએ ફેરફાર નોંધ નં. ૧૫૫૩,૬૧ર રદ કરવા અરજી કરેલી. જે વિલંબના કારણે નામંજુર થયેલી. તા. ૧૫–૧૦–૧૩ ના રોજ અપીલ નામંજુર કરેલ આથી વાદીને દાવાનું કારણ ઉભુ થયેલ છે તેમ જણાવેલ છે. આ કામે ૬૫ વર્ષ થી પ્રતિવાદીઓના નામ રેકર્ડ છે. પ્રતિવાદી દાવાવાળી મિલકત વેચવાનો પ્રયત્ન કરે છે તેવું કોઈ પ્લીડીગ દાવા અરજી કે મનાઈ હુકમ ની અરજી માં નથી. પ્રતિવાદીઓએ મિલકત માં બોજો ઉત્પન્ન કરેલ હોય તેવુ કોઈ પ્લીડીગ નથી. વાદીએ દાવા અરજી માં જે દાદ માંગેલ છે. તે જ દાદ મનાઈ હુકમ ની અરજી માં માંગેલ છે. મનાઈ અરજીમાં વધારાની દાદ ટ્રાન્સફર કે વેચાણ કરે નહી તેવી દાદ માંગેલ છે. વાદીનો કોઈ કબજો નથી. વાદીએ પંચ કયાસ કરાવેલ નથી. વાદીએ દાવામાં પજેશન ની દાદ માંગેલ નથી. દાવાવાળી મિલકત માં વાદી તથા પ્રતિવાદીઓ બંને નો હિસ્સો છે તેવું પ્લીડીગ નથી. આ કામે વાદીની મનાઈ હુકમ ની અરજી મંજુર કરવામાં આવે તો દાવા નો નિર્ણય થઈ જાય તેમ છે. પ્રતિવાદીએ આંક–ર૧ થી જવાબ

રજુ કરેલ છે. દાવા અરજી જોતા વાદી ૮૭ વર્ષ ના છે. વાદીએ ૬૪ વર્ષ ના વિલંબ બાદ હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામે તા.૧૩–૧૧–૧૯૭૬ ના રોજ ફેરફાર નોંધ નં. ૬૧૨ થી પ્રતિવાદીઓના નામ દાવા વાળી મિલકત માં દાખલ થયેલ છે. પ્રતિવાદીઓ સતત અને અવીરતપણે, અખંડીત રીતે કબજો ધરાવે છે. આ કામે હીરાભાઈ લાખાભાઈએ ત્રણ લગ્ન કરેલા. વાદી રાહેલબેન કયા પત્નિના સંતાન છે તે ખુલાસો કરેલ નથી. વાદી ની ઉંમર ૮૭ વર્ષ છે. આથી તેણીનો જન્મ ૧૯૨૬ માં થયેલ. આથી વાદી સને ૧૯૫૦ માં પુખ્ત વય ના હોય. આથી રેવન્યુ ઓથોરીટીએ વાદી ની બંન્ને અપીલ નામંજુર કરેલ. આ કામે આંક–૨૩ થી પ્રતિવાદી નં. ૪(અ) નો જવાબ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદી નં. ૪(અ) બબુબેન ની ઉંમર ૬૬ વર્ષ છે. રાંચીબેન બબુબેન ના માતા છે. આથી તેણીની ઉંમર ૮૬ વર્ષ ગણાય. વાદી રાંચીબેન થી મોટા છે. આથી વાદી ની ઉંમર ૮૮ વર્ષ ની ગણાય. વાદી તરફે માર્ક ૩/૫ થી પેઢીનામુ રજુ કરેલ છે. જે પેઢીનામુ તારીખ ૧૭–૦૧–૨૦૦૭ માં તૈયાર કરેલ છે. વાદીએ રેવન્યુ ઓથોરીટી માં ૨૦૦૭ ની સાલમાં અપીલ કરેલ. તો દાવો ૨૦૧૪માં શા માટે દાખલ કરેલ છે. વાદીએ ૫૮ વર્ષ બાદ રેવન્યુ ઓથોરીટી માં અપીલ કરેલ. જે અપીલ નામંજુર કરવામાં આવેલ છે.

૯.૧ વધુમાં એવી દલીલ કરેલ છે કે પ્રતિવાદી તરફે આંક–૩૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે. જે ધ્યાને લેતા વાદીની બંને અપીલો રેવન્યુ કોર્ટ દવારા નામંજુર કરવામાં આવેલ છે. નિશાની ૩૩/૧ ગામ નમુના નંબર ૭ અને ૧૨ જે દાવાવાળી જમીન ના ૧૯૫૦–૫૧ અને ૧૯૫૯ થી ૬૦ ના વર્ષ ના છે જેમાં કબજેદાર તરીકે તેજાભાઈ રણછોડભાઈ તથા સવાભાઈ રણછોડભાઈનું નામ છે. આમ વાદીએ ખોટી રીતે હાલનો દાવો કરેલ છે.

૯.૨ વધુમાં એવી દલીલ કરેલ છે કે દાવાવાળી મિલકતો નું વાદીનો માલીકી હકકે હોઈ પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ ન હોવાથી તેઓ દવારા પંચકયાસ કે નકશા નોંધ કરાવેલ નથી. આ દાવામાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા પક્ષ નિવેદન પરથી વાદીના દાવાની હકીકતો ખોટી હોવાનું સાબીત થાય છે. તમામ સંજોગો ધ્યાને લેતા બલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીની તરફેણમાં છે. આમ વાદી હાલની અરજી માં જણાવ્યા મુજબની કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર થતા નથી અને વાદીને હાલની અરજી લાવવા કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી અને વાદી વાદગ્રસ્ત મિલકત તેઓની માલીકીની છે તેવુ પ્રાયમાફેસી સાબીત કરી શકતા નથી. આથી હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

## મુદ્દા નંબર ૧થી ૩

**એ.** મુદ્દા નંબર ૧થી ૩ની હકિકત એકબીજાથી સંલગ્ન હોય પુનરાવર્તનના દોષને ટાળવા ત્રણેય મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે. બંને તરફેની દલીલોને ધ્યાનમાં રાખી દાવાનું રેકર્ડ તપાસીએ તો વાદી એ જે દસ્તાવેજો ની નકલ આંક–૩ ના લીસ્ટ થી રજુ કરેલ છે. તે ધ્યાને લેતા નિશાની ૩/૧ થી દાવા

વાળી મિલકત ના ગામ નમુના નંબર ૭ ની નકલ રજુ થયેલ છે. જેમાં હાલના પ્રતિવાદીઓના નામ છે. નિશાની ૩/૫ થી ગુજરનાર હિરાભાઈ લાખાભાઈ ના પેઢીનામા ની નકલ રજુ થયેલ છે. તે ધ્યાને લેતા હીરાભાઈ લાખાભાઈના વારસો ના નામ જણાય છે. જેમાં માની બહેન કે જે હીરાભાઈ ના પત્નિ છે. તે ગુજરી ગયેલ છે. તથા રાંચીબેન દિકરી થાય છે તે પણ અવસાન પામેલ છે. તથા હીરીબેન દિકરી થાય છે કે જેઓ પણ ગુજરી ગયેલ છે. વાદી રાહેલબેન તે હિરાભાઈ લાખાભાઈ ની દિકરી હોવાનું જણાય છે. આ પેઢીનામું તારીખ ૧૭–૦૧–૨૦૦૭ ના રોજ નું છે. નિશાની ૩/૮ ધ્યાને લેતા કલેકટરશ્રી ખેડા, ના આર.ટી.એસ./આર.એ./ ૧૩૧/૧૦–૧૧ ના હુકમ ની નકલ રજુ કરેલ છે. જે અપીલ વાદીએ નાયબ કલેકટરશ્રી, નડીયાદ ના હુકમ વિરૂધ્ધ કરેલ છે. જે અપીલ નામંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદીએ હાલનો દાવો કરેલ છે. આ કામે વાદી તરફે એવી રજુઆત છે કે વાદી હીરાભાઈ ના કાયદેસરના વારસ હોવા છતા પ્રતિવાદી નં. ૧ અને ૨ ના એ તેઓ નું નામ રેવન્યુ રેકર્ડ માં ચડાવી દીધેલ છે. આ કામે પ્રતિવાદીઓ તરફે આંક–૩૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે નિશાની ૩૩/૧ થી નિશાની ૩૩/૮ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. જે ધ્યાને લેતા દાવા વાળી જમીન ના રેવન્યુ રેકર્ડ છે. તેમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ ના પિતા નું નામ છે. આ કામે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ જવાબ ધ્યાને લેતા તેમાં પાના નંબર ૫ પારા ૯ માં જણાવેલ છે કે " હીરાભાઈ લાખાભાઈએ તેમના જીવનકાળ દરમ્યાન ત્રણ લગ્ન કરેલા. સ્વ હીરાભાઈ લાખાભાઈ સાથેના લગ્ન જીવન ના સહવાસ થી તેમની ત્રણેય પત્નિઓએ સંતાનોને જન્મ આપેલ છે કે કેમ? અને જન્મ આપેલ હોય તો કેટલા સંતાનોને જન્મ આપેલ તે અંગે તેઓને કોઈ માહીતી નથી. વાદી રાહેલબેન તે હીરાભાઈ લાખાભાઈના કાયદેસરના સંતાન છે કે કેમ? તે વાદીએ સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવા થી સાબીત કરવી જોઈએ.

આ કામે નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા એ.આઈ.આર. ૧૯૯૭ સુ.કો. ૨૭૧૯ ના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ રેવન્યુ રેકર્ડ માં નામ હોવાથી ટાઈટલ નકકી થઈ શકે નહી. આ કામે કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે

" It is settled proposition of law that the revenue record has no evidentiary value. They are made only for the fiscal purpose, and title to the properties cannot be decided on the basis of the mutation entries effected in the revenue record. Such entries are required to be effected in view of the provisions of Sec. 135C of the Code. Mutation entries have only presumptive value as provided under Sec. 135J of the B.L.R. Code.

**બી.** આ કામે પ્રતિવાદીઓ તરફે એવી દલીલ છે કે દાવાવાળી મિલકત નું વાદીએ કમીશ્નર શ્રી મારફત પંચનામું કરાવેલ નથી. વાદી સદરહુ મિલકત ના કબજા માં છે તેવો કેસ નથી. લાખાભાઈ ગુજરી ગયા ત્યારે વાદી સગીર હતા તથા વાદીએ આશરે ૬૪ વર્ષ ના વિલંબ બાદ દાવો દાખલ કરેલ છે અને વાદીને આ મિલકત પ્રત્યે કોઈ હકક અધિકાર નથી. આ બધી બાબતો પુરાવો લીધા સિવાય હાલના તબકકે નકકી થઈ શકે તેમ નથી. આ કામે નિશાની ૩/૨ જોતા એ હકીકત ફલીત થાય છે દાવાવાળી જમીન માં અગાઉ વાદી ના પિતા હીરાભાઈ લાખાભાઈનું નામ છે. અને ત્યારબાદ પ્રતિવાદીઓના પિતા તેજાભાઈ રણછોડભાઈ તથા સવાભાઈ રણછોડભાઈના નામ દાખલ થયેલ છે. નિશાની ૩/૫ ધ્યાને લેતા સ્વ. હીરાભાઈ લાખાભાઈ નું પેઢીનામુ રજુ થયેલ છે. જેમાં વારસદારમાં વાદીનું નામ છે. જે પેઢીનામુ ૨૦૦૭માં થયેલ છે. આ કામે પ્રતિવાદીઓ તરફે એવું સ્પષ્ટ કથન નથી કે વાદી હીરાભાઈ લાખાભાઈ ના સંતાન જ નથી કે તે અંગે કોઈ પુરાવો રજુ થયેલ નથી. વધુમાં પ્રતિવાદીઓ તરફે એવો કોઈ દલીલ કે તકરાર નથી કે નિશાની ૩/૫ વાળુ પેઢીનામું ઉપજાવી કાઢેલ છે.

**સી.** આમ વાદીએ જણાવેલ છે કે દાવાવાળી મીલકત સ્વ.હીરાભાઈ લાખાભાઈની મીલકત છે. આ કામે વાદીઓ સદરહુ મિલકતના કબજામાં છે તેવો કેસ નથી કે કબજો મેળવવા તેઓએ દાદ માંગેલ નથી. વધુમાં તેઓ વાદગ્રસ્ત મિલકતના કબજામાં છે તે દર્શાવતો કોઈ આધાર રજુ કરેલ નથી. જેથી દાવાવાળી મિલકતો માં તેઓનો પ્રત્યક્ષ કબજો નહી હોવાનું રેકર્ડ પર રજુ થયેલ પુરાવા પરથી સાબીત થાય છે. આમ બંન્ને પક્ષો ની દલીલ ધ્યાને લઈ દાવાનું રેકર્ડ તપાસતા વાદી દવારા તેઓ દાવાવાળી મીલકત ના કબજા માં છે તે દર્શાવતો કોઈ પુરાવો કે આજુબાજુ ના રહીશોના કોઈ સોગંદનામા પણ રજુ કરેલ નથી. આમ દાવાવાળી મીલકત વાદીના કબજામાં છે તેવું પ્રથમ દર્શાનીય રીતે ફલીત થતુ નથી. જયારે દાવાવાળી મીલકત ના રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદીઓના નામ ચાલે છે. આ કામે પ્રતિવાદી નં. ૧ થી ૨ તરફે રજુ થયેલ આંક–૨૧ થી દાવા નો જવાબ તથા દસ્તાવેજી પુરાવો અને દલીલ ધ્યાને લેતા પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓએ આ વાદગ્રસ્ત મિલકત અન્ય કોઈ રીતે કે વેચાણ થી પ્રાપ્ત કરેલ હોય કે વાદી ના પિતા પાસેથી ખરીદ કરેલ હોય તેવો કેસ નથી કે તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આથી જો પ્રતિવાદીઓ આ દાવાવાળી મીલકત અન્ય કોઈને ટ્રાન્સફર કે વેચાણ કે એસાઈન કરે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ્સ થાય તેમ છે. આ સંજોગોમાં પ્રતિવાદી દાવાવાળી મિલકત કોઈને હસ્તાંતર કરે તે તેમાં ફેરફાર કરે તો વાદીના દાવાનો કોઈ અર્થ ન રહે અને વાદીને વધુ તકરાર માં ઉતરવું પડે અને આ કામના રેકર્ડ ધ્યાને લેતા વાદી ગુજરનાર હીરાભાઈ લાખાભાઈ ના સંતાન હોવાનું હાલના તબકકે જણાય આવે છે. જેની સામે જો પ્રતિવાદીઓને દાવાવાળી મીલકતનું હસ્તાંતર કરતા અટકાવવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન કે અગવડ થાય તેમ નથી. આમ દાવાવાળી મિલકત પ્રતિવાદીઓના નામે હોય અને તે મિલકત અન્ય કોઈ ને ટ્રાન્સફર કે વેચાણ કે એસાઈન ન કરે તો પ્રતિવાદીઓને નુકશાન થાય તેમ નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા નીચે મુજબ ના ચુકાદા માં

પ્રસ્થાપિત કરેલ છેકે "In the case of Brahim Shah V/s Noor Ahmed reported in 1983(2) GLR 961, Hon'ble High Court observed and held that it is the duty of the Court to see that there is no multiplicity of proceeding… and when any property is subject to matter of litigation and if during the period property changes hands other person may become necessary party… in such a circumstances injunction can be granted."

આ કામે પ્રતિવાદીઓ તરફે એવી દલીલ છે કે પ્રતિવાદીઓ વાદગ્રસ્ત મિલકત નું હસ્તાંતર કરવાનો પ્રયત્ન કરી રહયા છે કે બોજો ઉત્પન્ન કરી રહેલ છે તેવું પ્લીડીગ નથી. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઉપરોકત ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ છે કે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીગ્સ ન થાય તે જોવાની કોર્ટ ની ફરજ છે.

**ડી.** આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા તમામ સંજોગો ઘ્યાને લેતા તથા ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા દાવાવાળી મિલકતો નો આ કેસ નો નિર્ણય આવતા સુધી પ્રતિવાદીઓ દાવાવાળી મીલકત અન્ય કોઈને ટ્રાન્સફર કે હસ્તાંતર કરે નહી તેવો હુકમ કરવામાં આવે તો બંન્ને પક્ષે ન્યાયી થશે તેમ જણાય છે અને બંને પક્ષ માં થી કોઈપણ એક પક્ષકારને વધુ અગવડ કે નુકશાન થાય તેમ હોવાનું જણાતુ નથી. આ સંજોગો માં ઉપરોકત તમામ હકીકત તથા સંજોગો ઘ્યાને લેતા તથા કાયદાકીય જોગવાઈઓ અને નામદાર ઉપલી અદાલતના ચુકાદાઓ માં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા મુદા નં. ૧ થી ૩ નો જવાબ અંશતઃ હકાર માં આપી મુદા નં. ૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી વાદીની હાલની આંક–૫ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદી નં. ૧ થી ૨ ના ઓએ દાવાના આખરી નિકાલ થતા સુધી દાવાવાળી મિલકત કોઈ ને પણ વેચાણી થી કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર એસાઈન કરવી નહી.

અરજીનું ખર્ચ દાવાના પરિણામને અનુસરસે.

હુકમ આજરોજ તારીખ ૦૫મી, ડિસેમ્બર સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ડાકોર
તા. : ૦૫–૧૨–૨૦૧૫

(એ.જી.ઓઝા)
પ્રિન્સીપાલ સિવિલ જજ
ડાકોર.જીજે૦૦૮૩૯.